નમૂનો-૧

અગ્રતા ક્રમ:- **૨૨**

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-**15/4/118**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તા:-૨/૨/૨૦૨૪

ગુજરાત વિધાનસભા:- ૧૫ મી, ચોથું

પ્રશ્નનું શિર્ષક:- ”સાબરકાંઠા જિલ્લામાં હકક પત્રક નોંધોના નિકાલ”

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર:-

માન.શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)

**અગ્રતા ક્રમાંક : ૨૨**

**ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૮**

| | | |
|---|---|---|
| | | **મુખ્ય પેજ** |
| મૂળ પ્રશ્ન અને જવાબ | વિધાનસભાએ કરેલ જવાબ<br>સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ | |
| | પ્રશ્નનુ મુખ્ય હાર્દ: | |
| | "સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ બાબત" | પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી |
| પેટા પ્રશ્ન -૧ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધોનો પાડવામાં આવી ? | શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર) |
| પેટા પ્રશ્ન -૨ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધોનો પ્રમાણિત કરવામાં આવી ? | શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર |
| પેટા પ્રશ્ન -૩ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધોનો નિકાલ કરવામાં આવી ? | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) |
| પેટા પ્રશ્ન -૪ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક તકરારી ધ્યાને આવેલ છે. | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) |
| પેટા પ્રશ્ન -૫ | સામાન્ય રીતે નોંધો કેટલા પ્રકારની હોય છે. ? | શ્રી પુનમચંદ બરંડા (ભિલોડા) |
| પેટા પ્રશ્ન -૬ | હકક પત્રક નોંધો કેટલા સમયમાં નિકાલ કરવાની હોય છે. ? | શ્રી પુનમચંદ બરંડા (ભિલોડા) |
| પેટા પ્રશ્ન -૭ | વારસાઇમાં માત્ર મોટાભાઇના નામે ચાલતી નવી અને અવિભાજ્ય શરતની વડીલો પાર્જીત જમીનમાં અન્ય સીધી લીટીના વારસોના નામ દાખલ કરવા શું જોગવાઇ છે ? | |
| પેટા પ્રશ્ન-૮ | વારસાઇની નોંધો નામંજુર થવાના કિસ્સામાં શું જોગવાઇ છે ? | |
| પેટા પ્રશ્ન -૯ | વારસાઈમાં કોઈ બાકી રહે નહિ તેમાટે સરકારે શી વિચારણા /જોગવાઈ કરેલ છે ? | |
| | હક્ક પત્રક સંબંધિત જોગવાઇઓ | |
| | હક્ક પત્રકની નોંધ સંબંધી કાર્યપધ્ધતિ | |
| | હકક પત્ર અંગેની ટૂકી સમજ | |
| | ફેરફાર નોંધ | |

<u>તારાંકિત પ્રશ્ન</u> | <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

વિષય:

સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 05/01/2024 | તારીખ 29/01/2024 | 12/01/2024 |

*15/4/118 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

----

LAQ
Time limit

15/01/2024

# સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ

***15/4/118** : **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર)** : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| **(૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, | **(૧)** | ૪૮૬૮ |
| **(૨)** તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | **(૨)** | |
| **(૩)** નામંજૂર કરવાના કારણો શાં છે? | **(૩)** | |

**(૨)**

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૬૦૮૩૮ |
| મંજુર કરેલ નોંધો | ૫૪૩૫૩ |
| નામંજુર કરેલ નોંધો | ૧૬૧૭ |

**(૩)**

| | |
|---|---|
| (૧) | વેચાણ નોંધમાં ખેડૂત ખાતેદારના પુરાવા રજુ કરવામાં આવેલ ન હોય. |
| (૨) | વેચાણ નોંધ સમયે સવાલવાળી જમીન બોજામાં હોય |
| (૩) | વેચાણવાળી જમીનનું ટાઇટલ ક્લીયર ન હોય તો. |
| (૪) | વેચાણવાળી નોંધમાં ટુકડાધારાનો ભંગ થતો હોય |
| (૫) | પૈકી વેચાણમાં તમામ ખાતેદારોની સંમતિ ન હોય |
| (૬) | વારસાઇ નોંધમાં પેઢીનામુ તથા સોગંધનામુ સુસંગત ન હોય |
| (૭) | વારસાઇ નોંધમાં પેઢીનામુ તથા સોગંધનામુ સુસંગત ન હોય |
| (૮) | વારસાઇ નોંધમાં વારસોની સ્પષ્ટતા થતી ન હોય |
| (૯) | નોંધમાં અસલ પુરાવા રજુ કરેલ ન હોય. |

---

**ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૦૨/૦૨/૨૦૨૪**

**ક: વસપ/હકપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૦૨/જ**
**મહેસૂલ વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. /૦૧/૨૦૨૪**

**પ્રતિ,**

**સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ ગુજરાત વિધાનસભા સચિવાલયનો વિધાનસભા પ્રશ્ન પ્રશ્ન નં.15/4/118 અનુસંધાને વધારાની ત્રણ નકલો સહિત.**

**(એચ.સી.પટેલ)**
**સંયુક્ત સચિવશ્રી (જ.સુ.)**
**મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર**

**નકલ રવાના :**
(૧) બ.૧-શાખા, મહેસુલ વિભાગ, સચિવાલય

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનુ મુખ્ય હાર્દ:

હક્ક પત્રક મહેસૂલી રેકર્ડના પાયાનો ગામ નમૂનો છે. મહેસૂલી રેકર્ડ ના 7/12 થતાં તમામ ફેરફાર ગામ નમૂના નંબર 6 એટલે કે હક્ક પત્રના દ્વારા દાખલ કરવામાં આવતા હોય છે.

હક્ક પત્રક અધ્યતન કરવાથી ખાતેદારનો ગામ નમૂનો નંબર 7 અધ્યતન રહે છે. જેથી ખાતેદાર દ્વારા દાખલ કરવામાં આવતા ફેરફારો અધ્યતન કરવાથી ખેડૂતોનું મહેસૂલી રેકર્ડ અધ્યતન રહે છે તથા સરકાર દ્વારા આપવામાં આવતી યોજનાઓના લાભ ખેડૂતો/ખાતેદારો સુધી યોગ્ય રીતે પહોંચી શકે છે.સરકારની મહેસૂલી આવક તથા પ્રજાના હક્કોનુ રક્ષણ થઇ શકે છે.

તમામ ઠરાવો/પરિપત્રોનું સંકલન કરી હક્કપત્ર અધ્યતન રાખવા માટેની સૂચનાઓ તા.૧૫મી ઓક્ટોબર, ૧૯૮૯ના આ વિભાગના ઠરાવ ક્રમાંક:- હકપ-૧૦૮૭-૧૧-જ થી બહાર પાડવામાં આવી હતી. ત્યાર પછી બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો વિગેરેનું સંકલન કરી સંવર્ધિત સંકલીત અધ્યતન સુચાનો મહેસુલ વિભાગના તા.૦૧.૧૨.૨003, ઠરાવ નં. હકપ-૧૦૨023/૨૭૨૭/જ થી બહાર પાડવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

તારાંકિત પ્રશ્નક્રમાંક : ૧૫/૪/૧૧૮

# “સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ બાબત”

**માન. ધારાસભ્યશ્રી વિનેંન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર)**

| | |
|---|---|
| તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ કુલ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી | ૪૮૬૮ |

ઉક્ત નિકાલ બાકી નોંધો પૈકી કાચી નોંધ અને તકરારી નોંધોની તાલુકાવાર વિગતો:

| તાલુકાનુંનામ | કાચી નોંધ | તકરારી નોંધ |
|---|---|---|
| ૦૧-ખેડબ્રમ્હા | ૩૧૬ | ૨ |
| ૦૨-વિજયનગર | ૨૨૯ | ૧ |
| ૦૩-વડાલી | ૩૩૦ | ૧ |
| ૦૪-ઇડર | ૧૦૧૨ | ૪ |
| ૦૭-હિંમતનગર | ૧૧૯૮ | ૧૪ |
| ૦૮-પ્રાંતિજ | ૮૭૮ | ૫૧ |
| ૦૯-તલોદ | ૭૫૨ | ૧૯ |
| ૧૪-પોશિના | ૬૧ | ૦ |
| કુલ – ૪૮૬૮ | ૪૭૭૬ | ૯૨ |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્નઃ-૧

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૧ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધોનો પાડવામાં આવી ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીઃ- શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર)

જવાબ-૧

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | ૩૭૨૯ |
| વિજયનગર | ૨૩૨૬ |
| વડાલી | ૪૮૨૮ |
| ઇડર | ૧૩૭૦૮ |
| હિંમતનગર | ૧૪૩૧૦ |
| પ્રાંતિજ | ૧૧૧૯૫ |
| તલોદ | ૧૦૧૧૫ |
| પોશિના | ૬૨૭ |
| કુલ | ૬૦૮૩૮ (કુલ સાઇઠ હજાર આઠસો આડત્રીસ) |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્નઃ-૨

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૨ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધોનો પ્રમાણિત કરવામાં આવી ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી:- શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર)

જવાબ -૨

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | ૩૩૦૨ |
| વિજયનગર | ૨૦૦૩ |
| વડાલી | ૪૩૯૮ |
| ઇડર | ૧૨૩૬૮ |
| હિંમતનગર | ૧૨૮૭૭ |
| પ્રાંતિજ | ૯૯૨૬ |
| તલોદ | ૮૯૨૧ |
| પોશિના | ૫૫૮ |
| કુલ | ૫૪૩૫૩ (કુલ ચોપન હજાર ત્રણસો ત્રેપ્પન) |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્નઃ-૩

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૩ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધોનો નિકાલ કરવામાં આવી ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી:- શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ)

જવાબ -૩

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | ૩૪૧૧ |
| વિજયનગર | ૨૦૯૬ |
| વડાલી | ૪૪૯૭ |
| ઇડર | ૧૨૬૯૨ |
| હિંમતનગર | ૧૩૦૯૮ |
| પ્રાંતિજ | ૧૦૨૬૬ |
| તલોદ | ૯૩૪૪ |
| પોશિના | ૫૬૬ |
| કુલ | ૫૫૯૭૦ (કુલ પંચાવન હજાર નવસો સીત્તેર) |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્ન:-૪

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૪ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક તકરારી ધ્યાને આવેલ છે. |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી:- શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ)

જવાબ-૪

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | ૨ |
| વિજયનગર | ૧ |
| વડાલી | ૧ |
| ઇડર | ૪ |
| હિંમતનગર | ૧૪ |
| પ્રાંતિજ | ૫૧ |
| તલોદ | ૧૯ |
| પોશિના | ૦ |
| કુલ | ૯૨ |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્નઃ-૫

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૫ | સામાન્ય રીતે નોંધો કેટલા પ્રકારની હોય છે. ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીઃ- શ્રી પુનમચંદ બરંડા(ભિલોડા)

| | |
|---|---|
| જવાબ-૫ | વારસાઇ, હયાતીમાં હકક દાખલ, વેચાણ, વસીયત, ભેટ, સહભાગીદાર હકક દાખલ, બોજો /ગીરો દાખલ, સગીર પુખ્ત થયાની, બોજો મુક્તિ/ગીરો મુક્તિ અને વહેચણી/હયાતીમાં વહેચણી, હુકમી એમ ૧૧ પ્રકારની મુખ્યત્વે નોંધોના પ્રકાર હોય છે. |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્નઃ-૬

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૬ | હકક પત્રક નોંધો કેટલા સમયમાં નિકાલ કરવાની હોય છે. ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી:- શ્રી પુનમચંદ બરંડા(ભિલોડા)

| | |
|---|---|
| જવાબ -૬ | સરકારશ્રીના તા.૧/૧૨/૨૦૦૩ના પરીપત્રના ફકરા ક્રમાંક: ૮ પેટા ફકરા ક્રમાંક-૨ની સૂચના મુજબ ફેરફાર નોંધો સમયસર પ્રમાણિત કરવા માટે ત્રણ માસનો સમય રાખવામાં આવ્યો છે. તદઅનુસાર વ્યક્તિગત નોટીસ બજાવ્યા પછી ત્રીસ દિવસે નોંધ પ્રમાણિત કરવાની કામગીરી હાથ પર લેવાની થાય છે. અને ત્રણ મહિનામાં નોંધનો નિકાલ કરવાનો રહે છે. |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્ન:-૭

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૭ | વારસાઇમાં માત્ર મોટાભાઇના નામે ચાલતી નવી અને અવિભાજ્ય શરતની વડીલો પાર્જીત જમીનમાં અન્ય સીધી લીટીના વારસોના નામ દાખલ કરવા શું જોગવાઇ છે ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી:-

| | |
|---|---|
| જવાબ-૭ | સાંથણી અથવા ગણોત હક્કે મળેલ જમીન જેના નામે હોય તે ખાતેદાર ગુજરી જાય ત્યારે ફક્ત એક જ મોટાભાઇના નામે વારસાઇ નોંધ પાડવામાં આવે છે. પરંતુ ગુજરનારના ખાતેદારના બાકી કાયદેસરના હક્કદાર ભાઇ/બહેનોના નામ કાયદેસરની કાર્યવાહી કરી દાખલ કરવાનાં રહે છે. આ બાબતે સરકારે તા.૧૫/૩/૧૯૯૬ના પરિપત્ર ક્રમાંક–હકપ-૧૦૯૫-૨૭૦૪-જ. તથા સરકારશ્રીના તા.૧/૧૨/૨૦૦૩ના સંકલીત પરીપત્રથી સુચના આપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્નઃ-૮

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન-૮ | વારસાઇની નોંધો નામંજુર થવાના કિસ્સામાં શું જોગવાઇ છે ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી:-

| | |
|---|---|
| જવાબ-૮ | વારસાઇની નોંધો નામંજુર થવાના કિસ્સામાં નારાજ થતી વ્યક્તિ ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ -૧૦૮(૫) ની જોગવાઇ મુજબ સબંધિત પ્રાંત અધિકારી સમક્ષ આર.ટી.એસ. અપીલ દાખલ કરી શકે છે. પ્રાંત અધિકારીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ કલેકટરશ્રી સમક્ષ નિયમો-૧૯૭૨ના નિયમ -૧૦૮(૬)હેઠળ રીવીઝન અરજી દાખલ કરી શકે છે. કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ નિયમ -૧૦૮(૬) (ક) હેઠળ સચિવશ્રી (વિવાદ) સમક્ષ ફેર તપાસ અરજી દાખલ કરી શકે છે. |

મુખ્ય પેજ પર જાઓ

પુરક પ્રશ્ન:-૯

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/118

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૯ | વારસાઈમાં કોઈ બાકી રહે નહિ તેમાટે સરકારે શી વિચારણા /જોગવાઈ કરેલ છે ? |

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી:-

| | |
|---|---|
| જવાબ -૦૯ | વારસાઈમાં કોઈ વારસદાર બાકી રહે નહિ તે માટે સરકારે તા.૩.૨.૨૦૦૩ના પરિપત્ર ક્ર: હકપ/૧૦૨૦૦૨/૩૯૧૬/જ થી સૂચનાઓ બહાર પાડેલ છે, જે મુજબ ખાતેદારના મૃત્યુ બાદ કાયદેસરના વારસોની રેકર્ડમાં તુરત જ નોંધ કરવા તલાટીઓ તથા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## હક્ક પત્રક સંબંધિત જોગવાઇઓ

| ક્રમ | વિષય | કાયદા અંગેની જોગવાઇઓ |
|---|---|---|
| ૧ | હક્ક પત્રક | ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના નિયમ-૧૦૪ અન્વયે નિભાવવામાં આવે છે. |
| ૨ | હક્ક સંપાદન(ફેરફાર થતા હક્કો) | મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૩૫-સી અન્વયે કોઇ ખાતેદાર હક્ક સંપાદન (ફેરફાર થતા હક્કો) કરે તે અંગેનો રીપોર્ટ ૩ માસની અંદર તાલુકાની ઇ-ધરા કચેરી ખાતે લેખીતમાં કરવાનો હોય છે. |
| ૩ | ફેરફાર રજીસ્ટર | કોઇપણ હક્ક મળવા અંગેની લેખિતમાં મળેલી રજુઆતના આધારે મુંબઇ જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૩૫ ડી ની જોગવાઇ મુજબ ફેરફાર રજિસ્ટર (કલમ ૧૩૫-ગ મુજબ) માં નોંધ કરવાની હોય છે. |
| ૪ | નોંધ અંગે નિર્ણય કરવાનો સમયગાળો | ફેરફાર નોંધો સમયસર પ્રમાણિત કરવા ૩ માસનો સમય રાખવામાં આવ્યો છે. |
| ૫ | નોંધ પ્રમાણિત કરનાર અધિકારી | જમીન મહેસૂલ સંબંધી કામગીરી બજાવતા હોય તે જ નાયબ મામલતદાર હક્ક પત્રકની ફેરફાર નોંધો પ્રમાણિત કરી શકે છે. જ્યારે આદિવાસી લોકોએ ધારણ કરેલી જમીનોની ફેરફાર નોંધો પ્રમાણિત કરવાની સત્તા મામલતદારને છે. |

મુખ્ય પેજ પર જાઓ

## હક્ક પત્રકની નોંધ સંબંધી કાર્યપધ્ધતિ

| ક્રમ | પ્રકાર | કાર્યપધ્ધતિ |
|---|---|---|
| ૧ | વેચાણ | સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે સીધી ઓનલાઈન નોંધ |
| ૨ | બોજો દાખલ તથાબોજો કમી | બેંકો દ્વારા સીધી ઓનલાઈન નોંધ |
| ૩ | હુકમી નોંધ | હુકમ કરનાર સંબંધિત અધિકારી દ્વારા |
| ૪ | ઈ-ધરા કેન્દ્ર ખાતે અન્ય પ્રકારની નોંધો | (૧) વારસાઈ (૨) વહેંચણી (૩) સહભાગીદારી હક દાખલ/ હક્ક કમી (૪) સગીર પુખ્ત (૫) હયાતીમાં હક દાખલ/ કમી (૬) હયાતીમાં વહેંચણી (૭) બીજા હક્ક દાખલ/બીજા હક્ક કમી (૮) ગીરો દાખલ/ગીરો મુક્તિ |
| ૫ | કાચી નોંધ | અરજદારની અરજી સંદર્ભે ઈ-ધરા કેન્દ્ર ખાતે કાચી નોંધ દાખલ કરવામાં આવે છે. જે અંગેનો અરજદારને મોબાઈલ પર મેસેજ મળે છે. ત્યારબાદ હક્ક ફેરફાર સબંધી ૧૩૫-ડી ની નોટીસ જનરેટ થાય છે. |
| ૬ | નોટીસની બજવણી | ૧૩૫-ડી ની નોટીસની આર.પી.એ.ડી. દ્વારા બજવણી થાય છે. |
| ૭ | વાંધો રજૂ કરવાની સમયમર્યાદા અને તકરારી નોંધનો નિકાલ | બજવણી થયેલ નોટીસના 30 દિવસની અંદર થયેલ ફેરફાર સબંધી કોઇને વાંધો હોય તો તે લેખીત અથવા ઈલેક્ટ્રોનીક સ્વરૂપે મામલતદાર કચેરીમાં વાંધો રજુ કરી શકે છે. વાંધો રજુ કરતા નોંધ તકરારી રજીસ્ટરે ચડાવી તાજેતરમાં કરેલ સુધારા મુજબ તકરારી નોંધનો પ્રાંત અધિકારી તેનો નિકાલ કરે છે. |
| ૮ | હુકમી નોંધ તથા બોજો દાખલ/કમી અને વાંધાની સમયમર્યાદામાં ઘટાડો | ૧૩૫-ડી ની નોટીસની બજવણીના ૧૦ દિવસમાં નોંધ પ્રમાણિત કરવામાં આવે છે. |
| ૯ | પાકી નોંધ અનેતેની અસર | 30 દિવસમાં વાંધો રજુ ન થાય તો નિર્ણય કરનાર અધિકારી નિયમાનુસાર નોંધનો નિર્ણય કરે છે,નોંધ પાકી થાય છે અને જેનો અરજદારને મોબાઈલ પર મેસેજ મળે છે. તે મુજબ ઇ-ધરા સોફ્ટવેરમાં અસર આવે છે. પાકી થયેલ નોંધની ગામ નમૂના નંબર ૭ માં અસર આવે છે. |
| ૧૦ | નોંધના કાગળોની જાળવણી માટે સ્કેનીંગ | નોંધના દસ્તાવેજોની જાળવણી માટે ૫ પ્રકારના અગત્યના કાગળો સ્કેન કરી સોફ્ટવેરમાં અપલોડ કરવામાં આવે છે.<br>૧. અરજી સાથેના દસ્તાવેજ કાગળો<br>૨. બજવણી અંગેની સહીઓ થયેલ હોય તેવી ૧૩૫-ડી ની નોટીસની ઓફીસ કોપી<br>3. અધિકારીએ નિર્ણય કરેલ નોંધની પ્રિન્ટ<br>૪.કરેલ નિર્ણય મુજબની અસર ચકાસવાના એસ-ફોર્મની પ્રિન્ટ<br>૫. હુકમી ફેરફારના કિસ્સામાં હુકમની નકલ |

| | | |
|---|---|---|
| ૧૧ | નોંધ રદ કરવાની આગાઉની પધ્ધતિ નાબૂદ | વિભાગના તા.૧૭/૦૨/૧૪ના પરિપત્રથી ગામ નમૂના નં.૬ ની નોંધ 'રદ' કરવાની પ્રથા નાબુદ કરી આધાર ફાઇલના કાગળોની યથાર્થતા ચકાસી " પ્રમાણિત" કે " નામંજુર" એ બે માંથી જ કોઇ એક નિર્ણય કરવાનું ઠરાવેલ છે. |
| ૧૨ | વારસાઈ ઓન લાઈન | તા.૦૭/૦૩/૧૯ના પરિપત્રથી ગામ નમૂના નં. ૬ માં ઇ-ધરા કેન્દ્ર ખાતે"વારસાઇ" ફેરફાર નોંધની ઓનલાઇન અરજી કરવા અંગે કાર્યપધ્ધતિ નક્કી કરેલ છે. |
| ૧૩ | પેઢીનામા સંબંધિત પધ્ધતિ | તા.૧૪/૦૫/૧૪ તથા તા.૨૦/૦૯/૨૨ના પરિપત્રથી પેઢીનામું (પેઢીઆંબા) તૈયાર કરવા અંગેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.<br>(૧) અગાઉ પેઢીનામુ ખેતીની જમીન તથા બિનખેતીની જમીન (પ્લોટ) માટે હતું.<br>(૨) સુધારા મુજબ સીટી સર્વે દાખલ ન હોય તેવા વિસ્તારમાં મકાન, ફ્લેટ, દુકાન, ઓફીસ વિગેરે માટે |
| ૧૪ | લીઝ પેન્ડન્સીની નોંધ | વિભાગના તા.૩૦/૦૫/૨૨ના પરિપત્રથી જ્યુડીશીયલ કોર્ટના હુકમ સિવાય લીઝ પેન્ડન્સીની નોંધ રેવેન્યુ રેકર્ડમાં ન પાડવા બાબતે સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## હકક પત્ર અંગેની ટૂકી સમજ :-

ઇ-ધરા કેંદ્ર ખાતે પાડવામાં આવતી નોંધો બાબતની કાર્યપ્રણાલી વિષેની ટૂંકી નોંધ

- મામલતદાર કચેરીના ઇ-ધરા કેંદ્ર ખાતે વેચાણ, હયાતીમાં વહેંચણી, વારસાઇ, હયાતીમાં હકક દાખલ, હકક કમી, બીજા હકક દાખલ , બોજા દાખલ, બોજા મુકતી, વસિયત, ગીરો દાખલ, ગીરો મુક્તિ, કે.જે.પી.દુરસ્તી, હુકમ વિગેરે પ્રકારની નોંધો પાડવામાં આવે છે.
- સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે નોંધવામાં આવતા ખેતીની જમીનના વેચાણ વ્યવહાર ના રજીસ્ટ્રેશનની નોંધ ઓટોમ્યુટેશન થી ઇ-ધરા કેન્દ્ર ના વેબ ભુલેખ સોફ્ટવેરમાં પાડવામાં આવે છે.
- બેંક ધ્વારા આપવામાં આવતા બોજા અંગેની બોજા દાખલ તથા બોજા મુકતીની નોંધ ઓટોમ્યુટેશનથી બેંક દ્વારા ઇ-ધરા કેન્દ્ર ના વેબ ભુલેખ સોફ્ટવેરમાં પાડવામાં આવે છે. જેથી અરજદારને એકરારનામા કે બોજામુકતીના દાખલા લઇ મામલતદાર કચેરી ખાતે નોંધ પાડવા માટે જવાનું રહેતું નથી.
- ખેતીની જમીનમાં રેવન્યુ ઓથોરીટી ધ્વારા કરવામાં આવતા હુકમની નોંધ સબંધિત અધિકારી ધ્વારા તેમના લોગઇન થી ઓનલાઇન હુકમ અપલોડ કરી હુકમી નોંધ જનરેટ કરવામાં આવે છે.
- અરજદાર ઓનલાઇન iORA એપ્લીકેશનમાં વારસાઇ તથા હયાતીમાં હકકદાખલ અંગે ઓનલાઇન નોંધ જનરેટ કરે છે ત્યારબાદ ઓનલાઇન કાચીનોંધ જનરેટ થાય છે.
- અરજદાર જયારે તેમની અરજી ઇ-ધરા કેંદ્રમાં આપે છે ત્યારે ઇ-ધરા કેંદ્રમાંથી અરજી સ્વીકાર્યા અંગેની પહોંચ અરજદારને આપવામાં આવે છે ત્યારબાદ ઇ-ધરા કલાર્ક ધ્વારા વેબ ભુલેખ સોફ્ટવેરમાં અરજીની કાચી નોંધ જનરેટ કરવામાં આવે છે. કાચી નોંધની સ્કીપ્ટ ના.મામ. ઇ-ધરા ધ્વારા વેરીફાય કરી કાચી નોંધ લોક કરવામાં આવે છે. કાચી નોંધ પડ્યા બાદ હિત સબંધ ને ૧૩૫-ડી નોટીસ ની બજવણી રેવન્યુ તલાટી મારફતે કરવમાં આવે છે. ૧૩૫-ડી નોટીસની બજવણીના ૩૦ દિન દરમ્યાન જો વાંધા અરજી આવે તો નોંધ તકરારી દાખલ કરી નાયબ કલેકટશ્રીને નિર્ણય અર્થે મોકલી આપવામાં આવે છે જો ૧૩૫-ડી નોટીસ બજવણી ના દિન-૩૦ માં વાંધા અરજી ના આવે તો નોંધ સર્કલ ઓફીસરને નિર્ણય અર્થે મોકલી આપવામાં આવે છે. નોંધ નિર્ણય બાદ ઇ-ધરા કેંદ્ર માં નોંધ ના નિર્ણય મુજબ એસ ફોર્મ બનાવી ૭/૧૨ રેકર્ડ અસર આપવામાં આવે છે. નોંધ ના નિકાલ થયા બાદ નોંધના કાગળોને સ્કેન કરી ઓનલાઇન અપલોડ કરી અસલ કાગળોને વર્ગીકરણ કરી રેકર્ડ રૂમ માં મુકવામાં આવે છે.

- હુકમી તથા કેજેપી દુરસ્તી નોંધ માં પક્ષકારોને બજવણી કરવાની ન હોઇ ૧૦ દિવસમાં નોંધનો નિકાલ કરવામાં આવે છે.
- તે સિવાયની નોંધોમાં પક્ષકારોને બજવણી કરવાને હોઇ તથા બજવણી થયા બાદ વાંધા સુનવણીના ૩૦ દિવસ સુધી રાહ જોવાની હોઇ નોંધ પડ્યા તારીખથી ૬૦ દિવસમાં નોંધનો નિકાલ કરવામાં આવે છે.
- ઇ-ધરા કેન્દ્ર ખાતે પડવામાં આવતી નોંધો નામંજૂર થવા અંગેના કારણો ઇલાયદા મોકલી આપેલ છે.

[મુખ્ય પેજ પર જાઓ]

# ફેરફાર નોંધ

પુરક માહિતી

તારાંકિત પ્રશ્નક્રમાંક : ૧૫/૪/૧૧૮

"સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ બાબત"

માન. ધારાસભ્યશ્રી વિનેંન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર બધાજ પ્રકારની નોંધની (કાચી, પ્રમાણિત, ના-મંજૂર, તકરારી, પડતર, રદ ) તારીજ

તારીખ: ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ફેરફાર નોંધો: બધા ફેરફાર નોંધ

મુખ્ય પેજ પર જાઓ

| ક્રમ | તાલુકાનું નામ | કાચી | પ્રમાણિત | ના-મંજૂર | તકરારી | પડતર | રદ | કુલ | નિકાલ | બાકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |
| ૧ | ૦૧-ખેડબ્રહ્મા | ૩૧૬ | ૩૩૦૨ | ૧૦૯ | ૨ | ૦ | ૦ | ૩૭૨૯ | ૩૪૧૧ | ૩૧૮ |
| ૨ | ૦૨-વિજયનગર | ૨૨૯ | ૨૦૦૩ | ૯૩ | ૧ | ૦ | ૦ | ૨૩૨૬ | ૨૦૯૬ | ૨૩૦ |
| ૩ | ૦૩-વડાલી | ૩૩૦ | ૪૩૯૮ | ૯૯ | ૧ | ૦ | ૦ | ૪૮૨૮ | ૪૪૯૭ | ૩૩૧ |
| ૪ | ૦૪-ઇડર | ૧૦૧૨ | ૧૨૩૬૮ | ૩૨૪ | ૪ | ૦ | ૦ | ૧૩૭૦૮ | ૧૨૬૯૨ | ૧૦૧૬ |
| ૫ | ૦૭-હિંમતનગર | ૧૧૯૮ | ૧૨૮૭૭ | ૨૨૧ | ૧૪ | ૦ | ૦ | ૧૪૩૧૦ | ૧૩૦૯૮ | ૧૨૧૨ |
| ૬ | ૦૮-પ્રાંતિજ | ૮૭૮ | ૯૯૨૬ | ૩૪૦ | ૫૧ | ૦ | ૦ | ૧૧૧૯૫ | ૧૦૨૬૬ | ૯૨૯ |
| ૭ | ૦૯- તલોદ | ૭૫૨ | ૮૯૨૧ | ૪૨૩ | ૧૯ | ૦ | ૦ | ૧૦૧૧૫ | ૯૩૪૪ | ૭૭૧ |
| ૮ | ૧૪-પોશીના | ૬૧ | ૫૫૮ | ૮ | ૦ | ૦ | ૦ | ૬૨૭ | ૫૬૬ | ૬૧ |
| | સાબરકાંઠા કુલ | ૪૭૭૬ | ૫૪૩૫૩ | ૧૬૧૭ | ૯૨ | ૦ | ૦ | ૬૦૮૩૮ | ૫૫૯૭૦ | ૪૮૬૮ |